

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 016
Dt.: 20-11-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### નક્સલી સંગઠનનો ટોચનો ટેક્નિકલ એક્સપર્ટ ઠાર

# સુરક્ષાદળોની મોટી કાર્યવાહી, હિડમા બાદ વધુ ૭ નક્સલીઓ ઠાર

## મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઈન્ટેલિજન્ટ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

આંધ્ર પ્રદેશના પૂર્વી ગોદાવરી જિલ્લાના મારેડુમિલ્લી અને જી.એમ. વાલસાના જંગલોમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ૭ નક્સલી માર્યા ગયા છે. મંગળવારથી શરૂ કરાયેલા સંયુક્ત ઓપરેશનના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના ઈન્ટેલિજન્સ એડીજી મહેશ ચંદ્ર લડ્ડાએ પ્રેસ કોન્ફરન્સમાં પુષ્ટિ કરી હતી કે અથડામણ દરમિયાન ૪ પુરુષ અને ૩ મહિલા નક્સલીઓ ઠાર થયા છે.

મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઈન્ટેલિજન્ટ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો. તે આંધ્ર-ઓડિશા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટી (AOBSZC)નો એક મહત્ત્વપૂર્ણ સભ્ય હતો અને ટેક્નિકલ ઓપરેશન્સ માટે મુખ્યત્વે જવાબદાર ગણાતો હતો.

સુરક્ષા એજન્સીઓ અનુસાર, ટેક શંકર એવો કેડર હતો જેણે છેલ્લા કેટલાક વર્ષોમાં છત્તીસગઢ અને આંધ્ર-ઓડિશા બોર્ડર(AOB)વિસ્તારમાં સુરક્ષા દળો પર થયેલા લગભગ બધા મોટા લેન્ડમાઈન અને IED હુમલાઓનું ડિઝાઈનિંગ અને અમલ કર્યો હતો. પોલીસના કહેવા મુજબ, તે હથિયારોનું ઉત્પાદન, સંચાર પ્રણાલી અને વિસ્ફોટક ઉપકરણોની રચનામાં નિષ્ણાત હતો. તેની આ જ વિશેષજ્ઞતાને કારણે તે સંગઠનની ટેક્નિકલ કરોડરજ્જુ તરીકે ઓળખાતો હતો. છેલ્લા કેટલાક મહિનાઓથી, આંધ્ર-ઓડિશા બોર્ડર વિસ્તારમાં નક્સલી ગતિવિધિઓ વધી રહી હોવાના અહેવાલો હતા. મળતી જાણકારી અનુસાર, નક્સલીઓ જંગલોની અંદર નવા ઠેકાણાઓ ઊભા કરી રહ્યા હતા, પોતાના કેડરને ફરી સક્રિય કરી રહ્યા હતા અને છત્તીસગઢ તરફથી નવા જૂથો રાજ્યની સરહદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ માહિતીના આધારે, આંધ્ર પ્રદેશ ગ્રેહાઉન્ડ્સ અને અન્ય એજન્સીઓએ મંગળવારે મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ ઓપરેશનના પરિણામે, બુધવારે સવારે જી.એમ. વાલસા વિસ્તારમાં અથડામણ થઈ.

એડીજી લડ્ડાએ માહિતી આપી કે અગાઉ ૧૭ નવેમ્બરે પણ સુરક્ષા દળોએ મારેડુમિલ્લી વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી હતી, જેમાં કુખ્યાત નક્સલી નેતા હિડમા સહિત છ નક્સલીઓ ઠાર થયા હતા. તેમની પાસેથી મળેલી ગુપ્ત માહિતીને કારણે સંયુક્ત ટીમોને AOB વિસ્તારમાં ફેલાયેલા નક્સલી નેટવર્ક પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની દિશા મળી, જેના પગલે સતત ઘણા જિલ્લાઓમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યા.

એડીજી લડ્ડાના જણાવ્યા મુજબ, તાજેતરમાં NTR, કૃષ્ણા, કાકીનાડા, કોનસીમા અને એલુરુ જિલ્લાઓમાંથી ૫૦ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા લોકોમાં કેન્દ્રીય સમિતિ, રાજ્ય સમિતિ, એરિયા કમિટી અને પ્લાટૂન ટીમના સભ્યોનો સમાવેશ થાય છે. આ એક ઐતિહાસિક ઘટના છે, કારણ કે સંગઠનના કોર કેડરને આટલા મોટા પાયે એકસાથે પકડવામાં આવ્યા હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે.

સુરક્ષા દળોએ આ અભિયાન દરમિયાન ૪૫ હથિયારો, ૨૭૨ કારતૂસ, બે મેગેઝીન, ૭૫૦ ગ્રામ વાયર તેમજ અનેક ટેક્નિકલ ઉપકરણો અને દસ્તાવેજો જપ્ત કર્યા છે. એડીજી લડ્ડાએ જણાવ્યું કે ફિલ્ડ સ્ટાફે કોઈ પણ નુકસાન વિના અને સંપૂર્ણ યોજના મુજબ આ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું કર્યું છે. ઈન્ટેલિજન્સ વિભાગે સતત નક્સલીઓની ગતિવિધિઓ પર દેખરેખ રાખીને યોગ્ય સમયની રાહ જોઈ અને પછી નિર્ણાયક પગલું



ભર્યું.આ અથડામણ એવા સમયે થઈ છે જ્યારે સુરક્ષા એજન્સીઓ હાઈ-અલર્ટ પર છે.

તેમની આશંકા છે કે છત્તીસગઢમાં દબાણ વધ્યા પછી ઘણા નક્સલીઓ આંધ્ર પ્રદેશમાં આશરો લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઓપરેશનને માઓવાદી સંગઠનના ટેક્નિકલ માળખા અને નેતૃત્વ પર એક મોટો ફટકો માનવામાં આવે છે અને તે સુરક્ષા એજન્સીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સફળતા છે.

---

### ભારતીય તીરંદાજી ટીમ એશિયન ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ગઈ હતી

# ઢાકામાં આંતરિક હિંસાને પગલે ભારતીય તીરંદાજો એરપોર્ટ પર દસ કલાક ફસાયા

## ભારતની તિરંદાજોની આ ટીમમાં સાત મહિલા ખેલાડીઓ પણ હતી: તમામ મહિલા ખેલાડીઓને એક જ રૂમમાં રાખવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

બાંગ્લાદેશના ઢાકામાં યોજાયેલી એશિયન તીરંદાજી (આર્ચરી) ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ગયેલા ભારતના તીરંદાજો આ ઈવેન્ટ બાદ વતન પરત ફરી રહ્યા હતા ત્યારે તેમને ગંભીર સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરમાં ઢાકામાં થયેલી હિંસાને પગલે ભારતીય તીરંદાજોને લગભગ દસ કલાક સુધી એરપોર્ટ પર જ ફસાયેલા રહેવું પડ્યું હતું. આ ઉપરાંત બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં કોઈ પણ સુરક્ષા વિના તેમને સ્થાનિક બસમાં બેસાડી દેવામાં આવ્યા હતા. આટલું ઓછું હોય તેમ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન તીરંદાજોને સાવ નીચલા સ્તરની એક હોટેલમાં રોકાવાની ફરજ પડી હતી.ભારતના ૨૩ તીરંદાજોની ટીમના ૧૧ સદસ્ય ફ્લાઈટ ઉપડવામાં થઈ રહેલા વારંવારના વિલંબથી પરેશાન હતા તેમાં બે ટિનએજર એથ્લેટ પણ સામેલ હતા. જે એરલાઈન્સની ટિકિટ બુક કરવામાં આવી હતી તેના તરફથી પણ કોઈ વ્યવસ્થિત જવાબ આપવામાં આવતો ન હતો.દિલ્હી માટેની ફ્લાઈટ પકડવા તીરંદાજો રાત્રે સાડા નવ કલાકે ઢાકા ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચી ગયા હતા. ફ્લાઈટમાં બોર્ડિંગ થયા બાદ તેમને જાણ કરવામાં આવી હતી કે વિમાનમાં ટેક્નિકલ સમસ્યા થઈ હોવાને કારણે હાલ વિમાન ઉડી શકે તેવી સ્થિતિમાં નથી. રાત્રે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી અને ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે તેવી જાહેરાત કરાયા બાદ ટીમ એરપોર્ટની બહાર આવી ગઈ હતી. આ સંજોગોમાં ટીમ એરપોર્ટની બહાર નીકળતા જ તેમની મુશ્કેલીઓમાં વધારો થયો હતો. ખેલાડીઓને ખુલ્લી (બારી વિનાની) સ્થાનિક બસમાં બેસાડી દેવામાં આવ્યા હતા અને લગભગ અડધો કલાકનું ટ્રાવેલિંગ કર્યા બાદ તેમને એક નીચલા સ્તરની ધર્મશાળા કહી શકાય તેવી હોટેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. ભારતની તિરંદાજોની આ ટીમમાં સાત મહિલા ખેલાડીઓ પણ હતી. તમામ મહિલા ખેલાડીઓને એક જ રૂમમાં રાખવામાં આવી હતી. બીજા દિવસે સવારે ૧૧.૦૦ કલાકે તેમને એરપોર્ટ રવાના કરાયા બાદ ફ્લાઈટમાં બેસાડવામાં આવ્યા હતા અને તેઓ ભારત પરત ફર્યા હતા.

---

### ઈઝરાયલનું ટેન્શન વધ્યું

# અમેરિકાએ સાઉદી અરબને F-35 ફાઈટર જેટ આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સઉદી અરબને ફીફથ જનરેશન એફ-૩૫ બોમ્બર વિમાનો આપવા સહમત થયા છે. આ ઉપરાંત બંને નેતાઓએ વૈશ્વિક ઈન્ડોપેસિફિક અને વિશેષતઃ મધ્ય પૂર્વની પરિસ્થિતિ વિષે સઘન મંત્રણાઓ કરી હતી. જે દરમિયાન જ ટ્રમ્પે એફ-૩૫ યુદ્ધ વિમાનો આપવા વચન આપ્યું હતું.ક્રાઉન પ્રિન્સ સલમાન વ્હાઈટ હાઉસ પહોંચ્યા ત્યારે વ્હાઈટ હાઉસના બહારના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર બંને બાજુએ અમેરિકા અને સઉદી અબરસ્તાનના ધ્વજ રાખવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, આ એક વિશિષ્ટ સન્માનરૂપે માનવામાં આવે છે. હજી સુધીમાં કેટલાયે ટોચના નેતાઓ કે રાષ્ટ્રોના વડાઓ વ્હાઈટ-હાઉસ આવે ત્યારે તે દેશના ધ્વજની સાથે અમેરિકાનો ધ્વજ ફરકાવવામાં આવે તેવું ભાગ્યે જ બનતું હોય છે, બ્રિટનના રાજાના માનમાં અમેરિકા-બ્રિટનના ધ્વજ સાથે ફરકાવાય છે.ક્રાઉન પ્રિન્સ સલમાનની મુલાકાતને અમેરિકા કેટલું મહત્વ આપે છે, તે આ ઉપરથી સમજી શકાય છે. મધ્યપૂર્વમાં અરબસ્તાન તેના સૌથી સબળ સાથી છે.એવું મનાય છે કે બંને નેતાઓ બહુ આયામી આર્થિક અને સંરક્ષણ કરારો પણ કરવાના છે. તેઓ ટેકનોલોજી તેમજ વ્યાપારી ભાગીદારી પણ સમાવિષ્ટ છે. પ્રિન્સ સલમાન અમેરિકામાં આર્ટીફીશ્યલ ઈન્ટેલિજન્સ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અબજો ડોલરનું રોકાણ કરશે. ઉપરાંત વિમાનોના એફ-૩૫ ના સોદામાંથી પણ અબજો ડોલર અમેરિકાને મળશે. ક્રાઉન પ્રિન્સનું મિલિટરી બેન્ડસ, તોપોની સલામી સાથે સ્વાગત કરાયું અને તેઓ માટે યોજાયેલા ભવ્ય ભોજન સમારંભમાં ઉપસ્થિત અમેરિકના અધિકારીઓએ બ્લેક ટાઈ પહેરી હતી. પ્રિન્સ સાથે સંરક્ષણ ઉપરાંત બાયોટેકનોલોજી, ડીજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન ટેકનોલોજી વિષે પણ ચર્ચા થઈ. તેમની સાથે પ્રતિનિધિ મંડળ પણ હાજર રહ્યું હતું.

---

### હમાસ સાથે આર-પારના મુડમાં નેતન્યાહૂ!

# ઈઝરાયલે દક્ષિણ લેબનોનમાં કરી એરસ્ટ્રાઈક, ૧૩ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)લેબનોન

દેશના આરોગ્ય મંત્રાલયે પુષ્ટિ આપી કે દક્ષિણ લેબનોનમાં પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિર નજીક ઈઝરાયલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૩ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયલે દાવો કર્યો હતો કે લક્ષ્ય હમાસના સભ્યો હતા, જ્યારે હમાસે આ આરોપોને "જૂઠાણા અને બનાવટી" ગણાવીને ફગાવી દીધા હતા. ઈઝરાયલી સૈન્ય (IDF) એ કહ્યું કે તેણે ઈન અલ-હિલવેહ વિસ્તારમાં હમાસના "તાલીમ સંકુલ" ને નિશાન બનાવ્યું. તેમના મતે, આ સ્થળનો ઉપયોગ ઈઝરાયલ પર હુમલાઓની યોજના બનાવવા અને અમલમાં મૂકવા માટે થઈ રહ્યો હતો. હમાસે જવાબ આપતા કહ્યું કે દાવો સંપૂર્ણપણે બનાવટી છે અને પેલેસ્ટિનિયન શિબિરોમાં તેમનો કોઈ લશ્કરી જગ્યા નથી.

લેબનીઝ આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો કે મૃતકો ઉપરાંત ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં એઈન અલ-હિલ્વે કેમ્પની સાંકડી શેરીઓમાંથી એમ્બ્યુલન્સ ઝડપથી દોડી રહી હતી, જેમાં આ વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. અહેવાલો દર્શાવે છે કે હુમલો એક મસ્જિદની બહાર થયો હતો, જ્યાં સામાન્ય રીતે રાત્રે ભીડ હોય છે. હમાસે હુમલાની નિંદા કરતા કહ્યું કે ઈઝરાયલી લક્ષ્ય ખરેખર એક ખુલ્લું રમતનું મેદાન હતું, લશ્કરી જગ્યા નહીં. IDF એ કહ્યું કે તેણે હુમલા પહેલા નાગરિક જાનહાનિ અટકાવવા માટે "ચોકસાઈવાળા શસ્ત્રો, હવાઈ દેખરેખ અને વધારાની ગુપ્ત માહિતી"નો ઉપયોગ કર્યો હતો. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ, હમાસે ગાઝાથી દક્ષિણ ઈઝરાયલ પર હુમલો શરૂ કર્યો, જેમાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા અને ૨૫૧ લોકોને બંધક બનાવ્યા. ગાઝાના હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલય અનુસાર, ઈઝરાયલી બદલો લેવાના પરિણામે ગાઝામાં અત્યાર સુધીમાં ૬૯,૧૬૯ પેલેસ્ટિનિયનોના મોત થયા છે. હમાસના હુમલાના બીજા દિવસે, લેબનોન સ્થિત, ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહે ઈઝરાયલ પર રોકેટ છોડ્યા. આનાથી ૧૩ મહિના સુધી ચાલેલા સંઘર્ષની શરૂઆત થઈ, જે ઓક્ટોબર ૨૦૨૪માં ભારે ઈઝરાયલી બોમ્બમારા અને જમીન કાર્યવાહી સાથે વધુ તીવ્ર બન્યો. લેબનીઝ અધિકારીઓ કહે છે કે આ સંઘર્ષમાં આશરે ૪,૦૦૦ લોકો માર્યા ગયા છે, જેમાં મોટી સંખ્યામાં નાગરિકોનો સમાવેશ થાય છે, અને ૧.૨ મિલિયનથી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે.

---

### જજને પણ પ્રેમ જાળમાં ફસાવીને લગ્ન કર્યા

# ફેક આઈડીના ખડકલા સાથે નકલી RAW ઓફિસર પકડાયો

## ધરપકડ સમયે, તે એક કંપની બનાવીને લોકો સાથે કરોડોની ઠગાઈ કરવાની યોજના બનાવી રહ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(STF)ની ટીમે બુધવારે વહેલી સવારે એક વ્યક્તિની ધરપકડ કરી, જે પોતાને ક્યારેક રૉ(RAW-રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ) અધિકારી તો ક્યારેક આર્મીનો મેજર ગણાવીને રહેતો હતો. તેણે પોતાને રૉ અધિકારી તરીકે રજૂ કરીને બિહારના છપરામાં ફરજ બજાવતા એક મહિલા જજને ફસાવીને તેમની સાથે લગ્ન કર્યા હતા. ધરપકડ સમયે, તે એક કંપની બનાવીને લોકો સાથે કરોડોની ઠગાઈ કરવાની યોજના બનાવી રહ્યો હતો, જેના સંબંધિત દસ્તાવેજો પણ STFએ જપ્ત કર્યા છે.

ધરપકડ કરાયેલા આ નકલી અધિકારી પાસેથી મોટી માત્રામાં પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે. આ પુરાવાઓમાં નકલી ID, ચેક બુક, નકલી પોલીસ વેરિફિકેશન લેટર, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, પાન કાર્ડ, આધાર કાર્ડ અને વોટર ID કાર્ડ વગેરેનો સમાવેશ થાય છે. વધુમાં, તેના ટેબલેટમાંથી દિલ્હી બ્લાસ્ટને લગતો વીડિયો પણ મળી આવ્યો છે. હાલમાં, STF અને ઈન્ટેલીજન્સ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ તેની સઘન પૂછપરછ કરી રહ્યા છે.

STF(નોઈડા યુનિટ)ના અપર પોલીસ અધિક્ષક રાજકુમાર મિશ્રાના જણાવ્યા અનુસાર, ગઈ રાત્રે સબ-ઈન્સ્પેક્ટર અક્ષય પરમવીર કુમાર ત્યાગી અને તેમની ટીમને એક શંકાસ્પદ વ્યક્તિ વિશે માહિતી મળી હતી. આ વ્યક્તિ જુદી જુદી સોસાયટીઓમાં રહેતો હતો અને પોતાને ક્યારેક મેજર અમિત તો ક્યારેક ડિરેક્ટર રૉ તરીકે ઓળખાવતો હતો. દિલ્હીમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના સંદર્ભમાં આ માહિતીને ગંભીરતાથી લઈને, STFની એક ટીમ દ્વારા ગ્રેટર નોઈડાની પેરામાઉન્ટ ગોલ્ફ ફોરેસ્ટ સોસાયટીમાં દરોડો પાડવામાં આવ્યો હતો.જ્યારે STFની ટીમ કથિત રૉ અધિકારીના ફ્લેટ પર પહોંચી, ત્યારે એક મહિલાએ દરવાજો ખોલ્યો. તે જ સમયે, ત્યાં એક વ્યક્તિ આવ્યો, જેણે પોતાનું નામ સ્વર્ગસ્થ બ્રજનંદન શાહના પુત્ર સુમિત કુમાર જણાવ્યું, ત્યારે તેના પર્સની તલાશી લેવામાં આવતા, તેમાંથી ભારત સરકારના કેબિનેટ સેક્રેટરીએટનું એક ID કાર્ડ મળી આવ્યું. આ કાર્ડ પર તેનું નામ સુમિત કુમાર અને હોદ્દો ડિરેક્ટર(ઓપરેશન), JIC નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ(રિસર્ચ એન્ડ એનાલિસિસ સર્વિસ), રેક્ર જોઈન્ટ સેક્રેટરી સહિતની વિગતો(જેમ કે IC 7623 B, બ્લડ ગ્રુપ O પોઝિટિવ, જન્મ તારીખ ૨૫ માર્ચ ૧૯૮૮) હતી.

શંકાના આધારે STFએ રૉના વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી, જેમણે સ્થળ પર તપાસ કરીને પુષ્ટિ કરી કે આ નામનો કોઈ વ્યક્તિ તેમના વિભાગમાં કાર્યરત નથી અને મળી આવેલું ID કાર્ડ નકલી છે. મકાનમાલકિન મંજુ ગુપ્તાનો સંપર્ક સાધતા, તેમણે જણાવ્યું કે તેમના ભાડુઆત મેજર અમિત કુમાર છે, જેમણે દિલ્હી પોલીસના ડેપ્યુટી કમિશનરના લેટરહેડ પર નકલી પોલીસ વેરિફિકેશન પણ કરાવ્યું હતું(જેની કોપી તેમણે WhatsApp દ્વારા મોકલી).

બીજી તરફ, બિહારના છપરામાં ફરજ બજાવતા સુમિતની પત્ની (ન્યાયિક મેજિસ્ટ્રેટ)એ જણાવ્યું કે તેમના પતિ ગૃહ મંત્રાલયમાં ઈન્ટેલીજન્સમાં નિમણૂક પર છે.

---

# ઓસ્ટ્રેલિયાના સિડનીમાં કાર અકસ્માતઃ ૮ મહિનાથી ગર્ભવતી ભારતીય મહિલા અને બાળકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સિડની

ઓસ્ટ્રેલિયાના સિડનીમાંથી એક અત્યંત ચોંકાવનારા અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. અહીં એક કાર અકસ્માતમાં ભારતીય મૂળની 33 વર્ષીય સગર્ભા મહિલા અને તેના ગર્ભમાં રહેલા બાળકનું કરૂણ મૃત્યુ થયું છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ, ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ આ ઘટનાની જાણકારી આપી છે. 33 વર્ષીય સમન્વયા ધારેશ્વર, જેઓ આઠ મહિનાના ગર્ભવતી હતા, તે શુક્રવારે સિડનીના હોર્ન્સબી ઉપનગરમાં પોતાના પતિ અને ત્રણ વર્ષના પુત્ર સાથે પગપાળા જઈ રહ્યા હતા. આ દરમિયાન, એક 'કિયા કાર્નિવલ' કાર તેમને રસ્તો ઓળંગવા દેવા માટે ધીમી પડી.તે જ સમયે, 19 વર્ષીય એરોન પાપાજોગ્લુ દ્વારા ચલાવવામાં આવી રહેલી એક BMW સેડાન કારે કથિત રીતે પાછળથી 'કિયા'ને ટક્કર મારી. આ જોરદાર ટક્કરને કારણે 'કિયા' કાર આગળની તરફ ઉછળી અને સીધી સમન્વયા સાથે અથડાઈ.અકસ્માત બાદ તરત જ ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પેરામેડિક્સે ઘટનાસ્થળે જ સમન્વયાની સારવાર કરી અને ત્યારબાદ તેને વેસ્ટમીડ હોસ્પિટલમાં લઈ જવામાં આવી. પરંતુ, તમામ પ્રયાસો છતાં ડોક્ટરો સમન્વયા અને તેના અજાત બાળક, બંનેમાંથી કોઈને પણ બચાવી શક્યા નહીં.આ દુર્ઘટનાએ એક હસતા-રમતા પરિવારને વિખેરી નાખ્યો છે.



# તંત્રી લેખ......

## આતંકવાદ સામેની લડાઈ વધુ મુશ્કેલ બની ગઈ છે, જે એક મોટા ખતરાની નિશાની છે


ફરીદાબાદ આતંકવાદી મોડ્યુલ જેહાદી ડૉક્ટરો પર ખુલાસો થયો હોવા છતાં, ઘણા લોકોને મારી નાખવામાં સફળ રહ્યો. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ ક્યાં નિષ્ફળ ગઈ તે અંગે ચર્ચા થવી સ્વાભાવિક છે. આ નિષ્ફળતાને કારણે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કાર બોમ્બ વિસ્ફોટમાં ૧૫ લોકો માર્યા ગયા અને શ્રીનગરના એક પોલીસ સ્ટેશનમાં નવ લોકો માર્યા ગયા. બંને કિસ્સાઓમાં, આતંકવાદી મોડ્યુલે ફરીદાબાદમાં સંગ્રહ કરેલા વિસ્ફોટકોએ અલગ અલગ કારણોસર વિનાશ મચાવ્યો. જો શ્રીનગર પોલીસે શહેરમાં જૈશ-એ-મોહમ્મદના સમર્થકો દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટરોને ગંભીરતાથી ન લીધા હોત તો આ આતંકવાદી મોડ્યુલ વધુ વિનાશ મચાવી શક્યું હોત. આ પોસ્ટરોમાં કાશ્મીરીઓને સુરક્ષા એજન્સીઓને મદદ કરવા સામે ચેતવણી આપવામાં આવી હતી. જ્યારે કાશ્મીરમાં આવા પોસ્ટરો સામાન્ય છે, ત્યારે શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનની પોલીસે તેમને ગંભીરતાથી લીધા. તેઓએ પહેલા આતંકવાદીઓના કેટલાક પથ્થરમારો કરનારા સમર્થકોને પકડ્યા. તેમના દ્વારા, પોલીસ જેહાદનો ઉપદેશ આપી રહેલા એક મૌલવી સુધી પહોંચી. તેની પૂછપરછ પછી જ ફરીદાબાદ આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ થયો. આ મોડ્યુલમાં સામેલ આતંકવાદીઓ પાસેથી વિસ્ફોટકો અને ઘાતક શસ્ત્રો મળી આવ્યા હતા. જો શ્રીનગર પોલીસે તેમના વિસ્તારમાં પોસ્ટરોને ગંભીરતાથી ન લીધા હોત, તો જેહાદી ડોક્ટર એકસાથે અનેક લક્ષ્યો પર મોટા પાયે હુમલા કરવાના તેના કાવતરાને પાર પાડવામાં સફળ થઈ શક્યો હોત. લાલ કિલ્લા પાસે કાર બોમ્બ વિસ્ફોટ કરનાર ધાર્મિક કટ્ટરપંથી આતંકવાદી ઉમરના વીડિયો પરથી તેમના નાપાક ઇરાદાઓ કેટલા હદ સુધી સ્પષ્ટ થાય છે, જેમાં તે આત્મઘાતી હુમલાઓને વાજબી ઠેરવતો સાંભળી શકાય છે. લાલ કિલ્લાનો આતંકવાદી હુમલો ફરી એકવાર દર્શાવે છે કે જ્યારે આતંકવાદીઓને સ્થાનિક રીતે આશ્રય અને સમર્થન મળે છે ત્યારે આવા હુમલા શક્ય છે. પહેલગામ આતંકવાદી હુમલો પણ તેનું એક ઉદાહરણ હતું. અહીં, પાકિસ્તાનના આતંકવાદીઓ વિનાશ કરવામાં સફળ રહ્યા કારણ કે તેમને કેટલાક સ્થાનિક રહેવાસીઓ દ્વારા આશ્રય આપવામાં આવ્યો હતો. હવે કોઈ શંકા નથી કે ફરીદાબાદમાં એક મૌલવી અને અન્ય ઘણા લોકો દ્વારા મળેલા રક્ષણ અને સમર્થનને કારણે ડૉક્ટર આતંકવાદીઓ ઘાતક વિસ્ફોટકોનો સંગ્રહ કરવામાં સક્ષમ હતા. જો ફરીદાબાદમાં અલ ફલાહ યુનિવર્સિટીને જેહાદી તત્વો માટે આશ્રયસ્થાન તરીકે જોવામાં આવી રહી છે, તો તેનો દોષ તેના પોતાના સિવાય કોઈ નથી. આ યુનિવર્સિટીના બે ડૉક્ટર આતંકવાદીઓને અગાઉ તેમની નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. એક પર આતંકવાદને ખુલ્લેઆમ ટેકો આપવાના ગંભીર આરોપો હતા, અને બીજા પર કોઈ સૂચના વિના લાંબા સમય સુધી ગેરહાજરી માટે. ફક્ત અલ ફલાહ યુનિવર્સિટી જ સમજાવી શકે છે કે તેણે આવા શંકાસ્પદ ભૂતકાળ ધરાવતા ડૉક્ટરોને કેમ નોકરી પર રાખ્યા. જો ડોક્ટરો આતંકવાદી બની જાય અને સરળતાથી યુનિવર્સિટીને પોતાનો આધાર બનાવી લે, તો તેનો અર્થ એ છે કે જેહાદી આતંકવાદને પોષતી સિસ્ટમના મૂળ ઊંડાણમાં સ્થાયી થયા છે. અલ ફલાહ યુનિવર્સિટીની આસપાસની શંકાઓ પછી, એવું પણ બહાર આવી રહ્યું છે કે તેના સ્થાપક વાઇસ ચાન્સેલરનો પણ ગુનાહિત રેકોર્ડ છે અને છેતરપિંડીના આરોપમાં ત્રણ વર્ષ જેલમાં રહ્યા છે. આ યુનિવર્સિટીમાં નિયુક્ત કાશ્મીરી ડૉક્ટરોની મોટી સંખ્યા પણ પ્રશ્નો ઉભા કરે છે. છેવટે, તે એક પ્રખ્યાત યુનિવર્સિટી નથી. એવું કહી શકાય નહીં કે કાશ્મીરી ડૉક્ટરો બીજે ક્યાંય નોકરી શોધી શક્યા ન હતા અને તેમને અલ ફલાહ તરફ વળવાની ફરજ પડી હતી. શક્ય છે કે અલ ફલાહ જેહાદી ઇરાદા ધરાવતા ડૉક્ટરો માટે પસંદગીની યુનિવર્સિટી બની ગઈ કારણ કે તેમને ત્યાં તેમની પ્રવૃત્તિઓ ચલાવવાનું સરળ લાગ્યું.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૩૪૦ અને ચાંદીના વાયદામાં રૂ.૩૮૭૮નો જંગી ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૨ નરમ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૭૩૫.૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૨૯૭૮૦.૧૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૧૯૩.૩૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૪૯૮ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૬૫૫૨૮.૯૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૭૩૫.૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૨૯૭૮૦.૧૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧૩.૩૫ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૪૯૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૩૬૭.૮૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૧૯૩.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૭૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૪૧૭૭ અને નીચામાં રૂ.૧૨૨૫૪૯ના મથાળે અથડાઈ, રૂ.૧૨૨૬૪૦ના આગલા બંધ સામે રૂ.૧૩૪૦ વધી રૂ.૧૨૩૯૮૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૯૯ વધી રૂ.૧૦૦૩૯૬ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૨૫ વધી રૂ.૧૨૫૭૧ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૨ વધી રૂ.૧૨૩૮૬૩ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩૧૩૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૪૨૫૦ અને નીચામાં રૂ.૧૨૨૭૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૨૮૭૦ના આગલા બંધ સામે રૂ.૧૨૫૦ વધી રૂ.૧૨૪૧૨૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૫૦૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૦૬૬ અને નીચામાં રૂ.૧૫૪૪૮૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૬૪૪ના આગલા બંધ સામે રૂ.૩૮૭૮ વધી રૂ.૧૫૮૫૨૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૬૧૫ વધી રૂ.૧૫૮૦૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૫૭૯ વધી રૂ.૧૫૯૦૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૬૬૧.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૮.૦૫ વધી રૂ.૧૦૦૩.૫ થયો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૨.૪૫ વધી રૂ.૩૦૩.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૨.૭ વધી રૂ.૨૬૫.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૧૮૦.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૭૭૩.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૫૦ અને નીચામાં રૂ.૨૯૧૯ના મથાળે અથડાઈ, રૂ.૨૧ ઘટી રૂ.૨૯૨૦ થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૭૫ અને નીચામાં રૂ.૫૨૯૬ના મથાળે અથડાઈ, રૂ.૫૩૬૦ના આગલા બંધ સામે રૂ.૬૨ ઘટી રૂ.૫૨૯૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૬૧ ઘટી રૂ.૫૩૦૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૮ વધી રૂ.૩૯૦.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૫.૯ વધી રૂ.૩૯૦.૬ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૨૪ના ભાવે ખૂલી, ૪૦ પૈસા વધી રૂ.૯૧૪.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૯૦ વધી રૂ.૨૪૯૬૦ થયો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૩૧ના ભાવે ખૂલી, રૂ.૧૪ વધી રૂ.૨૫૯૨ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૫૨૭.૭૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૬૬૫.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૧૧૪.૦૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૪.૭૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯.૨૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૨.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૦૭.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૫૪.૬૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૭૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૩૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૬.૧૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૦૨૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૩૪૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૦૫૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૧૨૭૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૫૨૨૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૫૯૧૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૨૧૮૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૭૦૫૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૬૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૭૬૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૨૭૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૧૩૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૫૭૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૮૨૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૭૭ પોઈન્ટ વધી ૨૯૪૯૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૬.૩ ઘટી રૂ.૧૯૭.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા વધી રૂ.૮ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૮.૫ વધી રૂ.૧૨૩૩ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૮૧.૫ વધી રૂ.૨૬૭૫.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૩૫ વધી રૂ.૭.૧૫ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૦ પૈસા વધી રૂ.૧.૭ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૪ વધી રૂ.૧૭૯.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૯ ઘટી રૂ.૭.૪૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૪ ઘટી રૂ.૩૮૦ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૯૫ ઘટી રૂ.૧૮૩૫ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૮૨ ઘટી રૂ.૩.૫૫ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૨ ઘટી રૂ.૧.૨ થયો હતો.

# 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં કુલ ૨૦ હજારથી વધુ વિવિધ પ્રવૃત્તિઓ- કાર્યક્રમો દ્વારા ૭૦ લાખથી વધુ નાગરિકોને જાગૃત કરાયા

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૦માં દેશના ૨૭૨ જિલ્લાઓમાં 'નશામુક્ત ભારત અભિયાન' શરુ કરવામાં આવ્યું હતું. જે પૈકી ગુજરાતના અમદાવાદ, વડોદરા, ભરૂચ, મહેસાણા, સુરત, રાજકોટ, જામનગર, પોરબંદર મળીને કુલ આઠ જિલ્લાઓમાં આ અભિયાન સૌ પ્રથમ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનની ભવ્ય સફળતા બાદ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૨માં ગુજરાતના બનાસકાંઠા, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, વલસાડ ગાંધીનગર તેમજ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૪માં દેશના બાકી તમામ જિલ્લાઓમાં નશા મુક્ત ભારત અભિયાન (દ્રસ્મ્છ) શરૂ કરવામાં આવ્યું હતું.

'નશામુક્ત ભારત અભિયાન'નો મુખ્ય હેતુ નશીલા પદાર્થોના દુરુપયોગના નુકશાન અંગે જન જાગૃતિ લાવવાનો છે. આ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ તેમજ સામાજિક સંસ્થાઓની સક્રિય ભાગીદારી સાથે વિવિધ વિભાગોની સ્થાનિક કચેરીઓના સંકલનમાં રહીને સમાજમાં નશીલા પદાર્થો અને માદક દ્રવ્યોના દુરુપયોગની સાથે તેની આડઅસરો અંગે જાગૃતિ લાવવામાં આવે છે. આ અભિયાન થકી સ્કૂલ, કોલેજ, રહેણાંક સંસ્થાઓ તેમજ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રેલીઓ, સાઈન અભિયાન, સેમિનાર, નશામુક્તિ રથ, નશામુક્તિ અંગેના શપથ ગ્રહણ કાર્યક્રમો, સંબંધિત પ્રચાર-પ્રસાર સામગ્રીનું વિતરણ, ચિત્રસ્પર્ધા, નિબંધ સ્પર્ધા વગેરે પ્રવૃત્તિઓના માધ્યમથી નાગરિકોમાં જાગૃતિ લાવવામાં આવી છે. આ અભિયાન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં મળીને અંદાજિત કુલ ૨૦,૦૦૦ થી વધુ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં અંદાજિત ૭૦ લાખથી વધુ નાગરિકોએ સહભાગી બનીને આ અભિયાનને સફળ બનાવ્યું છે. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા.૧૪ નવેમ્બર ૨૦૨૫ એ ઓનલાઈન વી.સીના માધ્યમથી જણાવવામાં આવ્યું છે કે, 'નશામુક્ત ભારત અભિયાન (NMBA)'ની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે તા.૧૮ નવેમ્બર ૨૦૨૫ના રાષ્ટ્રીય સ્તરેથી પંજાબ સરકારના સહયોગથી ગુરુ નાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર ખાતે આ કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું હતું. ઓનલાઈન કાર્યક્રમ દિવસે સામાન્ય નાગરિકોને આ અભિયાન સાથે જોડવા અને તેનો સંદેશ દેશભરના નાગરિકો સુધી પહોંચાડવાના હેતુસર આ મંત્રાલય દ્વારા https://nmba.dosje.gov.in/content/take-a-pledge વેબસાઈટના માધ્યમથી નશામુક્તિના શપથ લઈ શકશે તેમ,સમાજ સુરક્ષા નિયામક,ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

- પ્રિન્સ ચાવલા

## ઉત્તરપ્રદેશથી આવેલા પીએમ સ્વનિધિના લાભાર્થી માટે ભારત પર્વ બન્યો એક યાદગાર અનુભવ




ઉત્તરપ્રદેશના રહેવાસી ધનેશ કુમાર ગુપ્તાએ તાજેતરમાં એકતાનગર ખાતે આયોજિત ભારત પર્વમાં ભાગ લીધો હતો જે તેમના માટે એક યાદગાર અનુભવ બન્યો છે. તેઓ પીએમ સ્વનિધિના લાભાર્થી છે અને પરંપરાગત વાનગીઓનો સ્વાદ લોકો સુધી પહોંચાડે છે. ગુજરાત સરકારે તેમને એકતાનગર ખાતે ભારત પર્વમાં સ્ટોલ લગાવવા માટે આમંત્રિત કર્યા હતા જેનાથી તેમને સારી આવક પણ થઈ અને હવે તેમને વ્યવસાયને વધુ આગળ લઈ જવાની પ્રેરણા પણ મળી છે.ઈટાવાના રહેવાસી ધનેશ કુમારે ભારત પર્વમાં લોકોને રબડી અને કેસર મિલ્કનો સ્વાદ ચખાડ્યો. સ્વાદ અને ગુણવત્તાના તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલી વાનગીઓ જોતજોતામાં લોકપ્રિય બની અને તેમનો સ્ટૉલ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો. ગુજરાતમાં તેમના આ પ્રથમ અનુભવ વિશે ધનેશ કુમાર ઉત્સાહપૂર્વક જણાવે છે, "ભારત પર્વમાં સામેલ થવું એ મારા જીવનના સૌથી યાદગાર અનુભવો પૈકી એક છે. મારા સ્ટૉલની મુલાકાત લેનારા લોકોમાં વિનમ્રતા જોવા મળી અને તેમણે અમારી વાનગીઓના વખાણ કર્યા. મને અહીં આવવાનું આમંત્રણ આપવા બદલ હું ગુજરાત સરકારનો આભારી છું. આશા છે કે હું આવતા વર્ષે અહીં ફરી આવીશ અને ગુજરાતની સ્વાદપ્રેમી જનતાને નવી વાનગીઓનો સ્વાદ ચખાડીશ."

આ કાર્યક્રમમાં સામેલ થવાથી ધનેશ કુમારના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. ભારત પર્વ દરમિયાન તેમણે રૂા.૬૦ હજાર જેટલી આવક કરી છે જે દર્શાવે છે કે શેરી ફેરિયાઓ અને નાના દુકાનદારોને આર્થિક રીતે સશક્ત કરવાનો પીએમ સ્વનિધિનો ઉદ્દેશ સકારાત્મક રીતે સાકાર થઈ રહ્યો છે.

સ્થાનિક ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે ભારત પર્વ જેવા કાર્યક્રમો એક મહત્વપૂર્ણ આધાર પૂરો પાડે છે જેમાં ભારતની સંસ્કૃતિ અને વૈવિધ્યસભર વ્યંજનોની ઝાંખી પણ જોવા મળે છે. ધનેશ કુમાર ગુપ્તા માટે આ કાર્યક્રમ માત્ર એક વ્યવસાયિક તક નહોતી પણ એક એવો યાદગાર અનુભવ રહ્યો છે જે તેમની આર્થિક સશક્તિકરણની યાત્રાને વધુ મજબૂત અને ગૌરવમય બનાવે છે.

# પોરબંદરના માધવપુર ઘેડ ખાતે શ્રી કૃષ્ણા-રૂક્ષ્મણી યાત્રાધામનો બીજા તબક્કામાં રૂ. ૪૩ કરોડથી વધુના ખર્ચે સર્વાંગી વિકાસ કરાશે

વિકાસના સતત નવા કીર્તિમાન સાથે ભારતીય ઐતિહાસિક- ધાર્મિક વિરાસતોની જાળવણી અને સંવર્ધન કરીને 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે બહુમુખી વિકાસની આગવી પેટર્ન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત સહિત ભારતભરમાં અવિરત વિકસી રહી છે. આ મંત્રને સાકાર કરવા ગુજરાતમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યના પવિત્ર- પ્રસિદ્ધ યાત્રાધામો જેવા કે, અંબાજી, દ્વારકા, પાવાગઢ, બહુચરાજી વગેરે આધ્યાત્મિક તીર્થ સ્થળોનો ભારતભરમાં આવતા ભક્તો- યાત્રાળુઓ માટે ૩૬૦ ડિગ્રીથી સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

આ આધ્યાત્મિક તીર્થ સ્થળોના વિકાસ યાત્રાને સતત આગળ વધારવા પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે આવેલા શ્રી કૃષ્ણા- રૂક્ષ્મણી યાત્રાધામના અંદાજે કુલ રૂ. ૯૧ કરોડથી વધુના ખર્ચે વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. શ્રી કૃષ્ણ - રૂક્ષ્મણી માતા યાત્રાધામના માસ્ટર પ્લાનમાં માધવપુર ગામમાં એકબીજાથી એક કિ.મી.જેટલા અંતરે આવેલા વિવિધ સ્થળોને આવરી લઈ તેનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે. જેના પરિણામે આ યાત્રાધામ ખાતે આવતા યાત્રાળુઓને અનેકવિધ નવીન સુવિધાઓ ઉપલબ્ધ થશે.

બીજા તબક્કામાં રૂ. ૪૩.૭૨ કરોડના ખર્ચે શ્રી માધવરાયજી મંદિરનું પુનઃનિર્માણ, મંદિર પાસે ૩૦૦ મીટર બીચ ડેવલપમેન્ટ પાર્કિંગ માટે પરિસરનો વિકાસ અને અન્ય પાયાની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત કેટલાક અન્ય સ્થળો જેવા કે, કાચબા ઉછેર કેન્દ્રથી માધવરાયજીના મંદિર સુધીનો રસ્તો ૦૯ મીટર પહોળો કરવો, બીચ એરિયામાં ફૂડ કિઓસ્ક અને શૌચાલય વગેરે, પાર્કિંગ અને ફૂડ કોર્ટ સાથે જ, જુદા-જુદા પ્રકારના સ્કલ્પચર, સાઈનેજીસ, ફાઉન્ટેન, સેલ્ફી પોઈન્ટ સહિત લેન્ડસ્કેપિંગનો સમાવેશ થાય છે.

જ્યારે મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૪૮ કરોડના ખર્ચે શ્રી રૂક્ષ્મણી માતા મંદિર, ચૉરી માયરાની જગ્યા, માધવરાયજી મંદિર જતાં રસ્તા પર બીચ ડેવલોપમેન્ટ, બ્રહ્મ કુંડ તેમજ મેળા ગ્રાઉન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આમ અંદાજે કુલ રૂ. ૯૧ કરોડના ખર્ચે આ યાત્રાધામનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

વધુમાં,આ વિકાસકાર્યો થકી માધવપુરનો સર્વાંગી વિકાસ થશે તેથી દૂર-દૂરથી આવતા પ્રવાસીઓ- શ્રદ્ધાળુઓની સુવિધામાં અનેકગણો વધારો થશે જેના પરિણામે ગુજરાત આધ્યાત્મિક પ્રવાસન ક્ષેત્રે વધુ સિદ્ધિઓ સર કરશે તેમ, ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ યાદીમાં જણાવાયું છે. -જનક દેસાઈ

# વડોદરા મંડળે ભારતીય રેલવે પર પહેલી વાર ઈ-ઓક્શન ઈનોવેશન દ્વારા "આપણી તરફનો પ્રથમ" વેરહાઉસિંગ કોન્ટ્રાક્ટ કર્યો

વડોદરા મંડળના વાણિજ્ય વિભાગે બિન-ભાડા આવક (નૉન ફૅર રેવન્યૂ) પહેલને નોંધપાત્ર પ્રોત્સાહન આપતાં, ભારતીય રેલવે પર પ્રથમ વખત ઈ-ઓક્શન નવીનતા દ્વારા વેરહાઉસ સુવિધા માટે "આપણી તરફનો પ્રથમ" કોન્ટ્રાક્ટ ફળતાપૂર્વક કર્યો છે. આ પહેલ હેઠળ વડોદરા સ્ટેશન પાર્સલ કચેરી નજીક પહેલાથી ખાલી પડેલી જગ્યાની ઓળખ કરી, તેનો અસરકારક ઉપયોગ કરીને નિષ્ક્રિય સંપત્તિને રેલવે માટે આકર્ષક આવક સ્ત્રોતમાં ફેરવવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, મંડળના વાણિજ્ય વિભાગે આ સિદ્ધિ ઈ-ઓક્શન મોડ્યુલમાં એક ખાસ શ્રેણી નિર્માણના માધ્યમથી હાંસલ કરી છે. આવી રીતેની નવીનતા થી ભારતીયરેલવેમાં વધુ સુગમ પરિસંપત્તિ મુદ્રીકરણ માટે માર્ગ મોકળો કરે છે. આ કોન્ટ્રાક્ટનો મૂલ્ય ત્રણ વર્ષના સમયગાળા માટે રૂા.૨૪.૩૩ લાખ રૂપિયાનો છે, જે રેલવેના તેના સંસાધનોના મુદ્રીકરણને અધિકતમ કરવાના ઉદ્દેશ્ય ની દિશા માં એક સફળ પગલું છે. આ સમર્પિત વેરહાઉસિંગ સુવિધા લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડશે, જેના પરિણામે પાર્સલ ટ્રાફિકનું વધુ પ્રમાણ આકર્ષિત થવાની આશા છે. સ્ટેશન પર એક નિર્ધારિત સંગ્રહ વિસ્તાર ઉપલબ્ધ કરાવવાથી પ્લેટફોર્મ પર પાર્સલ પેકેજિસ મુકવાના કિસ્સાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે, જેના કારણે મુસાફરોની અવરજવર વધુ સરળ બનશે. સાથે સાથે વડોદરા સ્ટેશન પર ખાલી પડેલી જગ્યાની સફાઈ પણ વધુ અસરકારક રીતે થઈ શકશે, જેના પરિણામે રેલવેના જાળવણી ખર્ચમાં ઘટાડો થશે. આ જગ્યાના ઉપયોગથી અનધિકૃત કબજા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર રોક લાગશે અને સમગ્ર સ્ટેશનની સુરક્ષા માં વૃદ્ધિ થશે. આ પહેલ અસરકારક જગ્યાનો વ્યવસ્થાપન માટે એક આદર્શ ઉદાહરણ છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com



નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# પી.એમ. કિસાન સન્માન નિધિના ૨૧માં હપ્તાથી રાજ્યના ૪૯.૩૧ લાખ ધરતીપુત્રોને ૯૮૬ કરોડ રૂપિયાની સહાય મળી

### તાજેતરના કમોસમી અસાધારણ વરસાદથી રાજ્યના ખેડૂતોને થયેલા નુકસાનથી ખેડૂતોને બેઠા કરવા માટે ખૂબ જ ટુંકા સમયમાં ડબલ એન્જિન સરકારે રૂ. ૧૦ હજાર કરોડનું ઉદારતમ રાહત સહાય પેકેજ આપ્યુ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યના ખેડૂતો પર તાજેતરમાં આવી પડેલી અસાધારણ કમોસમી વરસાદની આપત્તિથી થયેલા નુકસાનમાંથી તેમને બેઠા કરવા આ ડબલ એન્જિન સરકારે ખૂબ જ ઝડપથી રૂ. ૧૦ હજાર કરોડનું ઉદારતમ સહાય પેકેજ આપ્યું છે. પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૧મો હપ્તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમિલનાડુના કોઈમ્બતુરથી દેશના કિસાનો માટે રિલીઝ કર્યો તેના ગાંધીનગરમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સંબોધન કરી રહ્યા હતા. વડાપ્રધાનશ્રીના સંબોધનનું જીવંત પ્રસારણ રાજ્યના ખેડૂતોએ નિહાળ્યુ હતું.વડાપ્રધાનશ્રીએ આ અવસરે દેશભરના ૯ કરોડથી વધુ ખેડૂતોને ૨૧માં હપ્તા પેટે ૧૮ હજાર કરોડ રૂપિયાની સહાય આપી હતી. ગુજરાતના ૪૯.૩૧ લાખથી વધુ કિસાનોને આ સહાય અંતર્ગત ૯૮૬ કરોડ રૂપિયા ડી.બી.ટી.થી મળશે.

ગાંધીનગરમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાં કિસાન સન્માન નિધિ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારાએ ૧૧.૬૮ લાખ રૂપિયાથી વધુની વિવિધ કૃષિ સહાયના મંજૂરીપત્રોનું વિતરણ કર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરવા અનેક કલ્યાણકારી યોજનાઓ આપી છે. એટલુ જ નહીં, ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે ગ્રીન કવર વધારીને સુરક્ષા આપવાનો અભિગમ ‘એક પેડ માં કે નામ’ અને પ્રાકૃતિક કૃષિ જેવા અભિયાનોથી અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ રસાયણયુક્ત ખેતીથી જમીન અને માનવ બંનેનું સ્વાસ્થ્ય કથળી રહ્યું છે તેના ઉપાયરૂપે વડાપ્રધાનશ્રીએ પ્રાકૃતિક ખેતીનો અપનાવવાનો જે ખ્યાલ આપ્યો છે તે ભવિષ્યની પેઢીના સ્વસ્થ અને તંદુરસ્ત જીવન તથા જમીનની ફળદ્રુપતા વધારવામાં ઉપયોગી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રાકૃતિક ખેતીને ભવિષ્યની ખેતી છે ગણાવતાં આ ખેતી અપનાવવી એ હવેના સમયની માંગ છે તેમ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બીજથી બજાર સુધીના દરેક તબક્કે વડાપ્રધાનશ્રી ખેડૂત હિતલક્ષી નિર્ણયોથી તેની પડખે રહ્યા છે તેમ જણાવતાં કહ્યું કે, આ વર્ષના બજેટમાં પીએમ ધનધાન્ય કૃષિ યોજના શરૂ કરવાનું જે કમિટમેન્ટ કર્યું હતું તે પણ ૬ વર્ષના સમયગાળા માટે અમલી બનાવીને અન્નદાતાની દરકાર કરીને ‘જે કહેવું તે કરવું’ પુરવાર કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીની કૃષિ હિતકારી નીતિ અને ખેડૂતો પ્રત્યેની સંવેદનાના કારણે આજે ગુજરાતના લગભગ ૯૮ ટકાથી વધુ ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે. ખેડૂતોને પૂરતું પાણી અને વિજળી મળવાના કારણે રાજ્યના કૃષિ ક્ષેત્રનું ચિત્ર સમગ્રતયા બદલાઈ ગયું છે અને ખેડૂત સમૃદ્ધ થયો છે.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં ૨૦૦૫માં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં શરૂ કરાવેલા કૃષિ મહોત્સવથી રાજ્ય સરકાર ખેડૂતોને તેમના ખેતરમાં સામે ચાલીને જઈને કયો પાક વધુ લઈ શકાય, વેલ્યુ એડિશન કરીને કેવી રીતે વધુ આવક મળે, એ બધી સમજ આપે છે અને લેબ ટુ લેન્ડનો એપ્રોચ સુપેરે સાકાર થયો છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હરહંમેશ ખેડૂતોની ચિંતા કરી છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકે તેમણે ખેડૂતલક્ષી અનેક પહેલ શરૂ કરી છે, જેને આજે રાજ્યના નિખાલસ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે.

કૃષિ મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તામિલનાડુ ખાતેથી આજે ’પી.એમ. કિસાન સમ્માન નિધિ’ યોજનાના ૨૧મા હપ્તાનું વર્ચ્યુઅલ માધ્યમથી વિતરણ કરવામાં આવ્યું છે, તેમાં રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગ્રામ પંચાયત, એપીએમસી વગેરેમાંથી અંદાજે ૩ લાખ જેટલા ખેડૂતો ઓનલાઈન માધ્યમથી જોડાયા છે.

કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે યાંત્રિકરણ, પાક સંરક્ષણ, કૃષિમાં નેનો ટેકનોલોજી અને આઈટીનો ઉપયોગ, પ્રાકૃતિક ખેતી, ઝીરો બજેટ ખેતી, કિસાનો માટે ઉત્પાદન વધે, ખર્ચ ઘટે અને વધુ વેચાણ પણ થાય એ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આજે દિન-પ્રતિદિન આપણી ખેતી-જમીન બંજર બનતી જાય છે, જેના કારણે વર્તમાન અને ભવિષ્યની પેઢીઓ અનેક રોગનો ભોગ ન બને તે માટે પ્રાકૃતિક કૃષિને અપનાવવી જોઈએ. જે અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં મિશન મોડ પર કામ કરવામાં આવી રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ખેડૂતોને ઉપકારના નહીં પણ સેવાના ભાવથી સન્માન આપવા માટે વર્ષ ૨૦૧૯થી ’પી.એમ. કિસાન સમ્માન નિધિ’ યોજનાની સમગ્ર દેશભરમાં શરૂઆત કરાવી છે. આ યોજનાના અસરકારક અમલીકરણ અને સંપૂર્ણ પારદર્શિતાના પરિણામે ખેડૂતોના સીધા બેંક ખાતામાં પૈસા પહોંચી રહ્યા છે. કૃષિ પેદાશોનો બજારમાં નીચો ભાવ હોય ત્યારે એમ.એસ.પી.થી ખરીદી કરવાનો મોટો નિર્ણય પણ વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવ્યો છે. રાજ્યમાં લગભગ એક લાખ મેટ્રિક ટનથી વધુ મગફળી કિસાનોએ ૨૯૩ કેન્દ્રો ઉપર પહોંચાડી છે. આજે રાજ્યમાં રૂ. ૧૧૦૦ કરોડથી વધુની ખરીદી થઈ ચૂકી છે.

કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અંજુ શર્માએ સ્વાગત ઉદબોધન કરતા કહ્યું હતું કે, ખેડૂતોના કલ્યાણ માટે સરકાર દ્વારા વાવેતરથી વેચાણ સુધીની યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. સરકાર સુધારેલા બિયારણો, ખાતરો, યાંત્રિક ઓજારો, પ્રાકૃતિક ખેતી, કૃષિ રાહત પેકેજ, ટેકાના ભાવની ખરીદીને લગતી યોજનાઓના માધ્યમથી ખેડૂતોને મદદરૂપ થઈ રહી છે. નવીન આઇ ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી કરી ખેડૂતો અનેક લાભ મેળવી રહ્યા છે તેમ અધિક મુખ્ય સચિવશ્રીએ જણાવ્યુ હતું.

આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાનશ્રીએ દેશના ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૧૫ ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા, મેયર શ્રી મીરાંબહેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, જી.એસ.આઈ.સી.ના મેનેજિંગ ડાયરેકટર શ્રી વિજય ખરાડી, કલેકટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.પટેલ તથા બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં મહાનગર પરિષદની બેઠક યોજાઈ

### આગામી સમયમાં રાજ્ય સરકાર તમામ નેશનલ-સ્ટેટ હાઈવે અને રેલવે ટ્રેકની આજુ બાજુ ખાલી જગ્યાઓમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપનાં માધ્યમથી વૃક્ષારોપણ કરશેઃ- વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા







વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં આજે સ્વર્ણિમ સંકૂલ, ગાંધીનગર ખાતે મહાનગર પરિષદ દ્વારા શહેરી બાગ-બગીચા અને પર્યાવરણ સુધારણા અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રીઓએ હાજર રહીને પોતાના વિસ્તારમાં કરેલી બાગ-બગીચા અને પર્યાવરણ સુધારણાની કામગીરી અંગે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતાં.

આ બેઠકમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દર વર્ષે મહાનગરપાલિકા-નગરપાલિકા અને વનવિભાગ દ્વારા વૃક્ષારોપણ તેમજ નાગરિકોમાં પર્યાવરણના જતન માટેના અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યનું ગ્રીન કવર વધારવા નાગરિકોની સાથે રાજ્ય સરકાર પણ પ્રો-એક્ટીવ રીતે કાર્ય કરી રહી છે. ગુજરાત સહિત સમગ્ર દેશનું ગ્રીન કવર વધારવા માટે તમામ નાગરિકોની ભાગીદારી પણ ખૂબ મહત્વની છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ બેઠકમાં હાજર તમામ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના હોદ્દેદારોને વૃક્ષોનું જતન વધુમાં વધુ કઈ રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આગામી સમયમાં રાજ્ય સરકાર તમામ નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને રેલવે ટ્રેકની આજુ-બાજુ ખાલી જગ્યાઓમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપની મદદથી વૃક્ષારોપણ કરશે. આ ઉપરાંત ‘સ્વજન સ્મૃતિ વન’ અને ‘એક પેડ માં કે નામ’ જેવા અભિયાન દ્વારા રાજ્યના નાગરિકોમાં વૃક્ષારોપણ માટે વધુને વધુ લોક જાગૃતિ આવે તે દિશામાં કામ કરવા બેઠકમાં ઉપસ્થિત તમામ હોદ્દેદારોને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ સદભાવના વૃદ્ધાશ્રમની કામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે, સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના નેશનલ હાઈવેની બંને બાજુએ સદભાવના એન.જી.ઓ દ્વારા વૃક્ષારોપણનું અદભૂત કામ કરવામાં આવ્યું છે. વધુમાં, આ એન.જી.ઓ દ્વારા વૃક્ષોના જતનનો દર ૧૦૦ ટકા જેટલો છે.

આ બેઠકમાં અમદાવાદના મેયર શ્રી પ્રતિભા જૈન, વડોદરાના મેયર શ્રી પિંકીબેન સોની, ડેપ્યુટી મેયરશ્રીઓ અને વિવિધ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રીઓ તેમજ મહાનગર પરિષદના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ગાજીપરા સહિત પરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. - પ્રિન્સ ચાવલા

### ૧૧ દિવસની આ પદયાત્રા ૨૬મી નવેમ્બરથી ૫મી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીઃ ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન

### સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશેઃ શ્રી હર્ષ સંઘવી



લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની બે વર્ષ સુધી ધામધૂમથી ઉજવણી કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયના ભાગરૂપે, ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો છે, જે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંદેશો આપશે.

નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ સંદર્ભે વિગતો આપતા કહ્યું કે, સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે. ૧૧ દિવસની આ પદયાત્રા ૨૬મી નવેમ્બરથી ૫મી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. આ યાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સરદાર સાહેબે દેશને એક તાંતણે બાંધ્યો હતો, તે જ રીતે સૌને એકજૂટ થઈને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવા માટેની પ્રેરણા છે. શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, આ ઐતિહાસિક યાત્રામાં દેશના વિવિધ રાજ્યો અને મોટાભાગના તમામ જિલ્લાઓમાંથી યુવાનો જોડાશે. યાત્રાના પ્રત્યેક દિવસે અંદાજે ૧૦ થી ૧૫ હજાર લોકો જોડાઈને સરદાર સાહેબના જીવનના આદર્શો અને સત્કાર્યોથી પ્રેરણા મેળવશે. ૧૧ દિવસની પદયાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવનથી જોડાયેલા વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડવા માટે પ્રત્યેક દિવસે એક વિશેષ ’સરદાર ગાથા’નું આયોજન કરવામાં આવશે.

# બોટાદની નાલંદા કન્યાવિદ્યાલયમાં POCSO અધિનિયમ અંગે જાગૃતિ કાર્યક્રમ સંપન્ન




બોટાદમાં બાળકોની સુરક્ષા અને સજાગતા વધારવાના હેતુથી નાલંદા કન્યાવિદ્યાલય ખાતે જાતીય ગુનાઓથી બાળરક્ષણ અધિનિયમ (POCSO) ૨૦૧૨ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું માર્ગદર્શન બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ધર્મેન્દ્ર શર્મા તથા જિલ્લા મહિલા બાળ અધિકારી શ્રી આઈ. આઈ. મન્સૂરીના નેતૃત્વ હેઠળ આપવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન નિષ્ણાતોએ વિદ્યાર્થી બહેનોને જીવનમાં આવતી સંભવિત જોખમી પરિસ્થિતિઓ અંગે માહિતી આપી હતી. ખાસ કરીને અજાણ્યાં વ્યક્તિની લોભ-લાલચમાં ન આવવું, શાળા આવતા-જતા સમયે અજાણ્યાં લોકોની મદદ ન લેવી, અને “ગૂડ ટચ” તથા “બેડ ટચ” ની ઓળખ કેવી રીતે કરવી તેની સરળ અને સમજૂતીપૂર્વક સમજ આપવામાં આવી હતી. સાથે સાથે પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, શી-ટીમ, સખી વન સ્ટોપ સેન્ટર, તથા બાળકો માટેની હેલ્પલાઇન ૧૦૯૮ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં વુમન એમ્પાવરમેન્ટ હબ તેમજ જિલ્લા મહિલા બાળ અધિકારી કચેરી દ્વારા સંચાલિત વ્હાલી દીકરી યોજના, વિધવા સહાય, મહિલા સ્વાવલંબન યોજનાઓ અને ગંગાસ્વરૂપા પુનઃલગ્ન યોજનાની પણ માર્ગદર્શનરૂપ માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં સંચાલક શ્રી મૌલેશભાઈ પંડ્યાએ સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. શાળાનાં શિક્ષકવર્ગ અને વિદ્યાર્થી બહેનોની સક્રિય ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવ્યો હતો.

અહેવાલ લાલજી મેર રાણપુર

### સપ્ટેમ્બર-૨૦૨૫ના કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા પણ પાંચ અસરગ્રસ્ત જિલ્લાના ૧.૨૫ લાખ ખેડૂતોએ અરજી કરી

# ટેકાના ભાવે રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ.૧,૧૭૭ કરોડના મૂલ્યની ૧.૬૨ લાખ મે. ટનથી વધુ મગફળી ખરીદાઈ

**રૂ. ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાય મેળવવા આજસુધીમાં ૧૦ લાખથી વધુ ખેડૂતોએ અરજી કરીઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**

કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ચાલી રહેલી ટેકાના ભાવે મહફળીની ખરીદી તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા બે કૃષિ રાહત પેકેજ સંદર્ભે ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

આ સંદર્ભે પ્રેસ-મીડિયાને માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧,૧૭૭ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૬૨ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ખરીદી કરવામાં આવી છે. સાથે જ, ખેડૂતોને મગફળી ખરીદીના ચૂકવણા પણ સીધા તેમના બેંક ખાતામાં જમા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ચાલુ વર્ષે રાજ્યના ૯.૩૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે, જે ગત વર્ષે થયેલી નોંધણીની અઢી ગણી વધારે છે. ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને લઇને મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારને વધુ જથ્થો ખરીદી કરવા માટે કરેલી રજૂઆતને પગલે રાજ્યના ખેડૂતો પાસેથી રૂ. ૧૫,૦૦૦ કરોડની મગફળી અને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી ખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ કૃષિ રાહત પેકેજ અંગે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે થયેલી પાક નુકસાનીથી ખેડૂતોને બેઠા કરવા ઐતિહાસિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સહાય મેળવવા માટે આજ સુધીમાં રાજ્યના કુલ ૧૦ લાખથી વધુ ખેડૂતોએ ફઝઈ મારફત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરી છે.

આ ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૨૫માં વરસેલા અતિભારે વરસાદ માં સહાયરૂપ થવા રાજ્ય સરકારે પાંચ અસરગ્રસ્ત જિલ્લા માટે રૂ. ૧,૧૩૮ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ અંતર્ગત સહાય મેળવવા માટે પણ આજ સુધીમાં કુલ ૧.૨૫ લાખ જેટલા ખેડૂતોએ ફઝઈ મારફત ઓનલાઈન અરજી કરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, બંને રાહત પેકેજમાં રાજ્ય સરકારે પિયત અને બિનપિયત બંને પાકો માટે એક સમાન રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર (બે હેક્ટરની મર્યાદામાં) સહાય આપવાનો ઉદારતમ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત વાવ થરાદ અને પાટણ જિલ્લામાં જમીન સુધારણા માટે ખાસ કિસ્સામાં ખેડૂતોને રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેક્ટરની સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. - નિતિન રથવી

# ગાંધીનગર શહેરની વરસોની માંગણીઓ ન સંતોષાતા ૭ ગામોની આક્રોશ રેલી નિકળી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગાંધીનગર શહેરની રચના માટે મહામુલી જમીન આપનાર ૭ ગામના વરસો જુના પ્રશ્નો હજુ સુધી ઉકેલાયા નથી, ત્યારે ગઈ કાલે મોટી સંખ્યામાં ૭ ગામના ગ્રામજનો બેનરો સાથે સચિવાલય, કોર્પોરેશન અને કલેકટર કચેરીએ ઉમટી પડયા હતા અને વિરોધ દર્શાવ્યો હતો. જો કે સત્વરે તેમના પ્રશ્નો ઉકેલવામાં નહી આવે તો આગામી દિવસોમાં મોટુ આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી હતી.

ગાંધીનગર શહેરની રચના કરવામાં આવી ત્યારે આજુબાજુના પાલજ, બાસણ,ઈન્દ્રોડા, ધોળા કુવા, બોરીજ, આદિવાડા, ફતેપુરા, જેવા ગામોની જમીન સંપાદીત કરવામાં આવી હતી. જો કે શહેર માટે પોતાની મહામુલી જમીન આપી દેનાર આ ગ્રામજનોની હાલત હાલ ખુબ જ ખરાબ છે. છેલ્લા ઘણા વરસોથી તેમની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે કોઈ જ નિર્ણય લેવામાં આવતો નથી. ત્યારે ગઈ કાલે તેમની માંગણીઓને લઈ વિવિધ બેનરો સાથે મોટી સંખ્યામાં ૭ ગામના ગ્રામજનો ગાંધીનગર આવી ગયા હતા અને સચિવાલય, કલેકટર કચેરી, મહાનગરપાલિકા સહિત અન્ય કચેરીઓમાં જઈને વિરોધ નોંધાવ્યો હતો. અસરગ્રસ્ત વસાહત મહામંડળના પ્રમુખ ભરતસિંહ બિહોલાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમારી માંગણી છે કે આ ગ્રામજનો જયાં વરસોથી રહે છે તે જગ્યાને કાયમ માટે રહેવાસી પ્લોટ તરીકેની માન્યતા આપવામાં આવે, આ ગામોને કાયદેસર રીતે ગામતળનો દરજજો આપી તેના વહિવટી અને વિકાસના પ્રશ્નોનુ કાયમી નિરાકરણ લાવવામાં આવે, સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્તની જેમ જમીન અને પ્લોટ આપવા, અસરગ્રસ્ત ખેડુતોને ફાળવવામાં આવેલી ચીપ ટાઈપની દુકાનો ભાડા પધ્ધતિ થી નહી પરંતુ માલીકી હક્ક થી આપવામાં આવે, ગાંધીનગર શહેરના સમકક્ષ સુવિધાઓ આપવા માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે પરંતુ તેમની માંગણીઓ સંદર્ભે કોઈ જ નિર્ણય લેવામાં આવતો નથી. અગાઉ મુખ્યમંત્રીની હાજરીમાં બેઠકો થઈ હતી અને તેમણે સંબંધીત અધિકારીઓને કાર્યવાહી કરવા માટે સુચના આપી હતી. પરંતુ તેમાં પણ કોઈ નિર્ણય લેવાયો નથી. જેના કારણે આજે નાછુટકે પોતાની માંગણીઓ સંતોષવા માટે ગ્રામજનો દ્વારા ગાંધીનગરમાં આવીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ છે. જો હજુ પણ તેમની માંગણીઓ સંદર્ભે નિર્ણય નહી લેવામાં આવે તો ગાંધીનગરમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### સ્કૂલોના ખાતાકીય ઓડિટને લઈને ૨૯ નવેમ્બર સુધી મુદત લંબાવવામાં આવી

# શહેરની ૧૪૦થી વધુ સ્કૂલો ઓડિટ નહીં કરાવે તો ગ્રાન્ટ અટકાવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરની સ્કૂલ ખાતાકીય ઓડિટમાં ઉદાસીનતા દાખવી રહી હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેરની ૧૯૫ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોનું ૨૦૨૨-૨૩ સુધીનું ઓડીટ બાકી હોવાથી શહેર DEO દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જોકે, કેમ્પમાં પણ માત્ર ૨૦થી ૨૨ જેટલી સ્કૂલોએ જ ઓડીટ કરાવવાની તસ્દી લીધી હતી. જ્યારે ૧૪૦ કરતા વધુ સ્કૂલોએ ઓડીટ કરાવ્યું ન હતું. આમ, અનેક સ્કૂલનું ઓડીટ બાકી રહેતા ૨૯ નવેમ્બર સુધી તારીખ લંબાવવામાં આવી છે. જેથી બાકી રહેલી સ્કૂલો માટે કેમ્પનું આયોજન કરાશે. આ કેમ્પમાં હાજર ન રહેનારી સ્કૂલોની ગ્રાન્ટ અટકાવવાની ચિમકી આપવામાં આવી છે. અમદાવાદ શહેરની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું ૨૦૨૨-૨૩ સુધીનું ખાતાકીય ઓડીટ ૧૩ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર સુધીમાં કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આમ, ઓડીટ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યા બાદ પણ શહેરની ૧૪૦ કરતા વધુ સ્કૂલોએ ખાતાકીય ઓડિટ કરાવ્યું જ ન હોવાની વિગતો સામે આવી હતી. આમ, હજુ અનેક સ્કૂલોનું ઓડિટ બાકી હોવાનું જણાતા ઓડિટ માટેની મુદત ૨૯ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. જેથી હવે બાકી રહેલી તમામ સ્કૂલોએ આ નક્કી કરેલી સમયમર્યાદામાં ઓડિટ કરાવવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જે પણ શાળાનું ઓડીટ બાકી હશે તેમની નિભાવ ગ્રાન્ટ સ્થગિત કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

ઉપરાંત ગ્રાન્ટ ઈન કોડની જોગવાઈ અન્વયે પગાર ભથ્થાની ગ્રાન્ટ પણ અટકાવવામાં આવશે અને પગાર ભથ્થાનું ચુકવણું શાળા ટ્રસ્ટ મંડળે કરવાનું રહેશે તેવી તાકીદ કરવામાં આવી છે.

# ગુજરાત માહિતી આયોગમાં “ઈન્ટરનેશનલ મેન્સ ડે” ની ઉજવણી આયોગની મહિલોની નવતર પહેલ

“ઈન્ટરનેશનલ વુમન્સ ડે”, “ઈન્ટરનેશનલ મધર્સ ડે ”, “ઈન્ટરનેશનલ ડોટર્સ ડે ” – વગેરે પરંપરાગત રીતે મહિલાકેન્દ્રી ઉજવણીથી આપણે સૌ પરિચિત છીએ. પરંતુ આજે ગુજરાત માહિતી આયોગની મહિલાઓએ “ ઈન્ટરનેશનલ મેન્સ ડે ” ની ઉજવણી કરી તદ્દન નવી કેડી કંડારી છે. આયોગની મહિલાઓએ શુભેચ્છા સંદેશ, પુષ્પ અને ચોકલેટથી આયોગના તમામ પુરૂષોને પ્રોત્સાહિત કર્યા હતા. માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રીના અધ્યક્ષપદે “ ઈન્ટરનેશનલ મેન્સ ડે " ની ઉજવણી માટે એક સમારંભ આયોગ ખાતે યોજાયો હતો.

આ સમારંભમાં આયોગના વિવિધ કાર્યક્રમોમાં પુરૂષોની સક્રિય સહભાગિતાની ઝલક દર્શાવતો વિડીયો રજૂ કરવામાં આવ્યો હતો. વિવિધ તબક્કે પુરૂષોની સહભાગિતા, સહકાર માટે આયોગની મહિલાઓ દ્વારા ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

### પાટણના અંબાજી નેળીયા વિસ્તારમાં ૧૦૦ થી વધુ મહિલાઓએ ભાજપ નેતાને ઘેર્યા

# પાટણમાં ભાજપની યુનિટી માર્ચ દરમિયાન મહિલાઓએ કર્યો હોબાળોઃ નેતાજી પહેલા પાણીનો નિકાલ કરો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



પાટણ શહેરના અંબાજી નેળીયા વિસ્તારમાં આજે બુધવારે ભાજપની યુનિટી માર્ચ દરમિયાન અણધાર્યો માહોલ સર્જાયો હતો. સ્થાનિક વિસ્તારની લગભગ ૧૦૦ થી વધુ મહિલાઓએ એકઠા થઈને માર્ચ માં સામેલ ભાજપના નેતાઓ અને પદાધિકારીઓને ઘેરી લીધા હતા. આક્રોશિત મહિલાઓએ છેલ્લા ૩ વરસથી વરસાદી પાણી ભરાઈ રહેવાની ગંભીર સમસ્યા મુદ્દે નેતાઓને સવાલો કર્યા હતા અને તાત્કાલીક ઉકેલની માંગ સાથે ઉગ્ર રજુઆત કરી હતી.

ભાજપના નેતાઓ જયારે આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મહિલાઓ અચાનક રોડ રસ્તા પર આવી ગઈ હતી અને ભાજપના નેતાઓનો હુરીયો બોલાવી ઘેરી લીધા હતા. મહિલાઓએ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે ગમે તેટલી રજુઆતો કરવા છતાં અમારા વિસ્તારમાં ચોમાસા દરમિયાન અને ત્યારબાદ પણ પાણી ભરાઈ રહે છે. જેના કારણે રોગચાળો અને અવર જવરની મોટી સમસ્યા થાય છે. તેમણે નેતાઓને સીધો સવાલ કર્યો હતો કે ૩ વરસથી આ સમસ્યાનો ઉકેલ કેમ આવ્યો નથી, સ્થિતિ વધુ તંગ બનતા ભાજપના નેતાઓએ મહિલાઓને શાંત પાડવાના પ્રયત્નો કર્યા હતા અને તેમની રજુઆતો સાંભળી હતી. જો કે મહિલાઓએ જયાં સુધી નકકર ખાત્રી ન મળે ત્યાં સુધી ભાજપના નેતાઓને આગળ વધવા દીધા ન હતા, આ ઘટનાએ ભાજપના કાર્યક્રમમાં ભંગ પાડયો હતો અને સ્થાનિક સમસ્યાઓ પ્રત્યે લોકોમાં રહેલા આક્રોશને ખુલ્લો પાડયો હતો. આ મામલે નેતાઓએ તાત્કાલીક ધોરણે પગલા લેવાની ખાત્રી આપીને મામલો થાળે પાડયો હતો.

# અમદાવાદમાં અશાંતધારા ભંગ અંગે ધારાસભ્ય અમિત શાહની રજુઆત બાદ પાલડીમાં લઘુમતિ સમાજના ખરીદેલા મકાનોના બાનાખત રદ કરીને એફઆઈઆર થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં જયારે જયારે કલેકટર ની અધ્યક્ષતામાં સંકલન સમિતિની બેઠક મળે ત્યારે અશાંતધારા અંગે રજુઆત ધારાસભ્ય કરે છે, ધારાસભ્યોની રજુઆતો છતાં તંત્ર જાણે ખ્યાલ માં ન હોય તેવુ બનતુ હોય છે. આવુ તાજેતરમાં અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં અશાંતધારાના નિયમોનો ભંગ થયો હોવાનુ બહાર આવ્યુ છે. વાત જાણે એવી છે કે અમદાવાદના પાલડી વિસ્તારમાં કોચરબ આશ્રમ ખાતે નુતન સર્વોદય સોસાયટી આવેલી છે.

આ નુતન સર્વોદય સોસાયટીમાં આવેલા મકાનો હિન્દુ રહિશો દ્વારા લઘુમતિ સમાજના વ્યકિતઓને વહેચી દેવામાં આવ્યા હતા. જેનો બાનાખત પણ થઈ ગયો હતો. જો કે સમગ્ર મામલો એલીસબ્રીજના ધારાસભ્ય અમિત શાહને ખ્યાલ આવતા તેમણે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિતનાઓને અશાંતધારા નિયમોના ભંગ અંગે રજુઆત કરી હતી. જેમાં જણાવ્યુ હતુ કે પાલડીની નુતન સર્વોદય સોસાયટીના મહત્તમ મકાનો સ્થાનિક હિન્દુ રહિશો ડો. દિલીપ અંબાલાલ મોદી , સ્વ. હર્ષદભાઈ ભાઈશંકર જોશી, અપૂર્વ અમરતભાઈ જાની, કૌશિકાબેન કિરીટભાઈ ત્રિવેદી, રમેશભાઈ લાભશંકર ત્રિવેદી, ગીરીશ મણીભાઈ પટેલ, પ્રફુલચંદ્ર પ્રાણલાલ જેટલી, મુકેશ બળવંતરાય પંચોલી, સુનિતા રમણલાલ વ્યાસ દ્વારા તમામ પોતાની માલીકીના મકાનો લઘુમતિ સમાજના મુસ્તુફા મીયા હુસેનમીયા શેખને વર્ષ ૨૦૨૧ માં વેચાણ આપવા માટે રજીસ્ટર્ડ બાનાખત કરવામાં આવ્યુ હતું.

અશાંતધારો લાગુ પડતો હોવા છતાં પણ કલેકટરની કોઈપણ પ્રકારની મંજુરી લેવામાં આવી ન હતી, આ બાનાખત મામલે વિવાદ થતાં સમગ્ર પ્રકરણને જિલ્લા કલેકટર દ્વારા સુઓમોટો રીટ તરીકે લઈ સુનાવણી હાથ ધરાઈ હતી. તમામ જવાબદારને નોટીસ આપી સ્પષ્ટતા માંગવામાં આવી હતી. જેમાં ૨૦૨૨ માં તેમણે આ મકાનો વેચાણ માટે બાનાખત કરવામાં આવ્યુ હોવાનુ જણાવ્યુ હતું. અશાંતધારા પરવાનગી માટે જે અરજી કરવામાં આવી હતી તે પશ્ચિમ ડે.કલેકટર દ્વારા નામંજુર પણ કરવામાં આવી હતી જે અંતર્ગત હવે નુતન સર્વોદય સોસાયટીના તમામ ૯ મકાનોના રજીસ્ટર્ડ થયેલા બાનાખત સીટી ડે.કલેકટર પશ્ચિમ અમદાવાદ દ્વારા રદ બાતલ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તમામ મિલ્કતોના જે પણ વળતર ચુકવણી કરવામાં આવી હતી તે મુળ માલીકને પરત આપવા માટે અને કબ્જો ૬ મહિનામાં આપવા માટે જણાવ્યુ હતું.

આ ઉપરાંત પૂર્વ મંજૂરી વિના મિલ્કત તબદીલ કરનાર શખ્સો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવા તેમજ આ સોસાયટીના વહિવટ અને વ્યવહારો બાબતે પણ તપાસ કરી કાર્યવાહી કરવા માટેની સુચના આપવામાં આવી છે જેથી કલેકટરની પૂર્વ મંજુરી વિના નિયમ વિરૂધ્ધ મિલકતોને તબદીલ કરવા બદલ જવાબદાર લોકો સામે ફોજદારી કાર્યવાહી કરવા માટેની પણ સાબરમતી મામલતદારને જાણ કરવામાં આવી છે. એલીસબ્રીજ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય દ્વારા પણ આ મામલે રજુઆતો કરવામાં આવી હતી. બાનાખત રદ કરવા અને પોલીસ ફરીયાદ અંગેનો નિર્ણય લેવામાં આવતા એલીસબ્રીજના ધારાસભ્ય અમિત શાહે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

# અમદાવાદમાં રૂપીયા ૫૦ લાખની લુંટનુ કાવતરૂ નિષ્ફળઃ પોલીસે પીસ્તોલ સાથે ૪ આરોપીઓને ઝડપી લીધા

### લુંટનો પ્લાન બનાવનાર ૪ આરોપીની પોલીસે કરી ધરપકડઃ પોલીસે ચોરીનુ મોટર સાઈકલ પણ જપ્ત કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર




મહેસાણા એલસીબી પોલીસ સ્ટાફ રાત્રી પેટ્રોલીંગમાં હતો ત્યારે દુધ સાગર ડેરી આગળ પીએસઆઈ ડાહયાભાઈ ગણેશભાઈને ખાનગી બાતમી મળી હતી, મળેલી બાતમી આધારે ભાંડુ ગામના ગેટ નજીક ૪ માણસો એક મોટર સાઈકલ સાથે હાજર હતા અને તેઓ અન્ય સાથીદારો સાથે મળીને અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશન પર આંગડીયા લુંટ કરવાનો પ્લાન ધરાવતા હતા. આ લુંટ માટે તેઓ પીસ્તોલ પણ લાવ્યા હતા,

બાતમીની ખાત્રી કરવા માટે પોલીસ ટીમે તાત્કાલીક કાર્યવાહી કરીને ભાંડુ ગામના ગેટ નજીક સર્વિસ રોડ પર પહોચી હતી. પોલીસને જોઈને હાજર ચારેય શખ્સો ભાગવા લાગ્યા હતા, જો કે પોલીસ સ્ટાફે તેમને તે જ સ્થિતિમાં ઝડપી પાડયા હતા. જેમાં પોલીસે ઠાકુર ગણપત રામકરણ (ભાંડુ તા.વિસનગર) , રાધેશ્યામ મોતીરામ બાવરી (મુળ રહે. પાલીયાસ, રાજસ્થાન), જીતેન્દ્ર બોડારામ બાવરી (મુળ રહે. મંડાવર રોડ, રાજસ્થાન) અને ઠાકોર અલ્પેશજી જીતાજી (વડુ તા.વિસનગર) ને ઝડપી લીધા હતા. તેમની પુછપરછ કરતા પકડાયેલા આરોપીઓએ કબુલાત કરી હતી કે તેમની સાથે અન્ય ૪ સાથીદારો જેમાં ઠાકોર આકાશજી રમેશજી (પાલજ), આશિષ જાલમજી ઠાકોર (પાલજ), મુન્નો બાવરી (બેલ્લારા રાજસ્થાન) અને બનવારી બાવરી (રાજસ્થાન) પણ આ ગુન્હામાં સામેલ હતા. આ આઠેય આરોપીઓ ગઈ કાલે મંગળવારની મોડી રાત્રે ભાંડુ ગામે ભેગા મળી લુંટ અંગેનો પ્લાન બનાવ્યો હતો.

પોલીસે આરોપીઓ પાસેથી મોટર સાઈકલ જપ્ત કરી લીધી હતી જેના પર ખોટી નંબર પ્લેટ (જીજે ૦૫ કેએચ ૨૭૮૭) લગાવેલી હતી, મોટર સાઈકલના એન્જીન અને ચેસીસ નંબરના આધારે તપાસ કરતા તેનો સાચો રજીસ્ટ્રેશન નંબર જીજે ૦૨ બીજી ૨૨૨૪ નો હોવાનુ અને આ વાહન અગાઉ ઉનાવા ખાતેથી ચોરી થયુ હોવાનુ બહાર આવ્યુ હતું. વધુ પુછપરછ માં મુખ્ય આરોપી ઠાકુર ગણપત રામકરણની કબુલાત મુજબ તેના ભાડાના મકાનમાં ઘઉં ભરેલી પ્લાસ્ટીકની થેલીમાં સંતાડેલી બે દેશી બનાવટની પીસ્તોલ અને ૯ રાઉન્ડ મળી આવ્યા હતા. રાધેશ્યામ મોતીરામ બાવરીએ આ ગેરકાયદેસર હથિયારો અજમેરથી આગળ કેકડી ગામેથી એક અજાણ્યા શખ્સ પાસેથી લાવ્યા હોવાનુ જણાવ્યુ હતું. જપ્ત કરાયેલા બંને પીસ્તોલની કુલ કિંમત રૂપીયા ૫૮ હજાર છે. ઝડપાયેલા આરોપી રાધેશ્યામ મોતીરામ બાવરી અંગે રાજસ્થાનના પાદુકલા પોલીસ સ્ટેશન ખાતે તપાસ કરવામાં આવતા તેની વિરૂધ્ધ આજદીન સુધીમાં ચોરી, ઘરફોડ ચોરી અને ધાડના કુલ ૯ ગૂન્હા રજીસ્ટર થયેલા હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી. પોલીસે પકડેલા ચારેય આરોપીઓ તેમજ ફરાર થયેલા અન્ય ૪ આરોપીઓ વિરૂધ્ધ સંયુકત રીતે વિસનગર તાલુકા પોલીસ મથકમાં ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રવી પાકની સીઝન માટે અમદાવાદ સહિત ના જિલ્લાઓને ૮ કલાકના બદલે ૧૦ કલાક વિજળી પુરવઠો મળી રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયના ખેડુતો માટે આજે કેબિનેટમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં વધુ એક ખેડુતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

રવી સીઝનના વાવેતરને ધ્યાને રાખીને કેબિનેટ બેઠકમાં કેટલાક જિલ્લાઓમાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં રવી સીઝન દરમિયાન જીરા નુ પુષ્કળ વાવેતર થાય છે. જીરાના વાવેતરવાળા વિસ્તારોમાં ખેડુતોને પીયત માટે ૨૦ નવેમ્બર ૨૦૨૫ થી જ ખેતીવાડી ફીડરોમાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જીરા ના વાવેતર વિસ્તારોમાં સિંચાઈ માટે વીજ પુરવઠો વધારે આપવા માટે રાજયના જનપ્રતિનિધિઓ તથા અનેક ખેડુતો તરફથી મુખ્યમંત્રી સમક્ષ રજુઆતો કરવામાં આવી હતી. આ રજુઆતોને પગલે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેનો આશરે ૧૦૯૦ ગામોના ૪૯ હજાર થી વધુ ખેતીવાડી ગ્રાહકોને લાભ મળશે.

જીરાનુ વાવેતર ધરાવતા અમદાવાદ જિલ્લાના વિરમગામ અને માંડલ તેમજ મહેસાણા જીલ્લાના બેચરાજી, પાટણ જિલ્લાના સમી, હારીજ, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર, સુરેન્દ્રનગર જિલ્લાના લખતર અને દસાડા તેમજ વાવ થરાદ જિલ્લાના સુઈ ગામ અને વાવ તેમજ મોરબી જિલ્લાના હળવદ તાલુકાને રાજય સરકારના આ નિર્ણયથી વધુ વીજ પુરવઠો મળશે. આ ઉપરાંત દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકાઓમાં પણ રવી સીઝન માટે ૮ કલાક ના બદલે ૧૨ કલાક વીજ પુરવઠો પુરો પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમા આ બંને તાલુકાના ૧૯૧ ગામોના ૯૭૫૮ ખેડુતોને લાભ મળશે.

# આમ આદમી પાર્ટીએ ભાજપ-કોંગ્રેસના ગઢમાં પાડયુ મોટુ ગાબડુઃ ૫૦૦ થી વધુ આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર




વલસાડ જિલ્લામાં આમ આદમી પાર્ટીએ પોતાનુ અભિયાન શરૂ કરી દીધુ છે, સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ યોજાયેલા એક કાર્યક્રમમાં ભાજપ અને કોંગ્રેસના ૫૦૦ થી વધુ સક્રિય કાર્યકર્તાઓ અને આગેવાનોએ પક્ષ પલ્ટો કર્યો છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની ઉપસ્થિતિમાં આ તમામ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. ચૈતર વસાવાએ વધુમા કહયુ હતુ કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આમ આદમી પાર્ટી એકલા હાથે લડશે.

ચૈતર વસાવાએ તમામ નવા જોડાયેલા સભ્યોને આમ આદમી પાર્ટીનો ખેસ અને ટોપી પહેરાવીને વિધીવત રીતે પાર્ટીમાં આવકાર્યા હતા. લોકસભા ચુંટણીથી વિપરીત આમ આદમી પાર્ટીએ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં એકલા હાથે ચુંટણી લડવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીએ સ્પષ્ટ કર્યુ છે કે આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમાં તેઓ કોંગ્રેસ કે અન્ય કોઈ પક્ષ સાથે ગઠબંધન કરશે નહી. આમ આદમી પાર્ટી તમામ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારશે અને ત્રીપાંખીયો જંગ ખેલાશે. આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના પ્રશ્નો તેમજ ખેડુતોની સમસ્યાઓને વાચા આપવા માટે આમ આદમી પાર્ટી મેદાનમાં ઉતરશે. ચૈતર વસાવાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં આ ૫૦૦ કાર્યકર્તાઓની ફોજ સાથે તેઓ ગામે ગામ પ્રચાર કરશે અને સંગઠનને મજબુત બનાવી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં સત્તાઓ કબ્જે કરશે.

# ભાવનગરમાં શાંતિ કેમ? કારણ કે બાપ બેઠો છેઃ ભાવનગરમાં અમિત શાહના આગમન પહેલા પરશોત્તમ સોલંકીએ આપ્યુ મોટુ નિવેદન

પ્રતિનિધિ,ગાંધીનગર



કેન્દ્રીય મંત્રી અમિત શાહના ભાવનગર આગમન પહેલા બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. મંત્રી પરશોત્તમ સોલંકીએ પોતાના નિવાસસ્થાને મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી, આ બેઠક દરમિયાન તેમણે આક્રમક અંદાજમાં અનેક રાજકીય સંદેશાઓ આપ્યા હતા. ભાવનગરમાં શાંતિ કેમ ? કારણ કે બાપ બેઠો છે, મંત્રી પરશોત્તમ સોલંકીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે જયાં સુધી પ્રજાને હુ પસંદ છુ ત્યાં સુધી હું ભાવનગરમાં જ રહીશ, જનતા કહેશે કે હવે જરૂર નથી, ત્યારે હું મુંબઈ જતો રહીશ, તેમણે વધુ આગળ ઉમેર્યુ કે ભાવનગરમાં શાંતિ અને સ્થિરતા માટે તેમનુ નેતૃત્વ જ જવાબદાર છે, તેમના જ શબ્દોમાં ભાવનગરમાં શાંતિ કેમ ? કારણ કે બાપ બેઠો છે, રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. આ નિવેદનોને કારણે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ નુ બજાર ગરમ થઈ ગયુ છે. અમિત શાહના આગમન અગાઉ સોલંકીના આવા દબંગ નિવેદનો રાજકીય સંકેતો તરીકે જોવામાં આવી રહ્યા છે.

# વડોદરામાં દારૂની હાટડીઓથી કંટાળેલી મહિલાઓનુ ઘરની બહાર નિકળવુ મુશ્કેલ : રોષે ભરાયેલી મહિલાઓએ પોલીસ સામે કર્યો વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતની દારૂબંધી હવે કાગળ પર જ રહી ગઈ છે. તેનુ જીવતુ જાગતુ ઉદાહરણ વડોદરાનો સમા વિસ્તાર બન્યો છે. વડોદરાના સમા વિસ્તારમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ખુલ્લેઆમ ચાલતી વિદેશી શરાબ ની હાટડીઓએ મહિલાઓનુ જીવન નર્ક બનાવી દીધુ છે. રોજેરોજ સાંજે દારૂ લેવા આવતા નશાખોરોના એક ડઝનથી વધુ વાહનો આડેધડ પાર્ક થતા ટ્રાફીક જામ થાય છે, રોડ રસ્તા બંધ થાય છે અને મહિલાઓને ઘરની બહાર નિકળવુ પણ મુશ્કેલ બન્યુ છે.

આજે બુધવારે સવારે સમા સોસાયટીની લગભગ ૧૫૦ થી વધુ મહિલાઓએ હાથમાં પોસ્ટરો લઈને દારૂબંધી અમલમાં મુકો, અમારી દિકરીઓ સુરક્ષિત નથી, જેવા સુત્રોચ્ચાર કરી અને સમા પોલીસ ચોકી સુધી મોરચો કાઢયો હતો. મહિલાઓએ આરોપ લગાવ્યો હતો કે નશેડીઓ રસ્તા પર જ દારૂ પી ને અભદ્ર ટીપણીઓ કરે છે, છોકરીઓની છેડતી કરે છે, અને કયારેક તો છોકરીઓનો હાથ પકડવાનો પ્રયાસ પણ કરે છે, અમારી પાસે બીજો કોઈ રસ્તો નથી એટલે અમે પોતે જ રોડ રસ્તા પર ઉતરી પડયા છીએ. અગાઉ ઓકટોબર માં એક સ્થાનિક યુવાને શરાબના અડ્ડાનો વિડીયો બનાવી સોશીયલ મીડીયા પર વાયરલ કર્યો હતો જેના પગલે પોલીસે દરોડા પાડીને ૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પરંતુ માત્ર બે દિવસમાં જ તે જ જગ્યાએ ફરી વેચાણ શરૂ થઈ ગયુ, મહિલાઓએ આજે પોલીસને આરોપ લગાવ્યો કે તમારા દરોડા ફોટા પડાવવા માટે જ હોય છે, કાયમી ઉકેલ નથી આવતા, સમા પોલીસે વચન આપ્યુ હતુ કે આજ થી જ વિશેષ પેટ્રોલીંગ અને રાત્રે સતત ચેકીંગ શરૂ કરવામાં આવશે. જો કે સ્થાનિકોનુ કહેવુ છે કે જયાં સુધી બુટલેગરો સાથે સ્થાનિક પોલીસની મીલીભગત ન તુટે ત્યાં સુધી કંઈ બદલાશે નહી.

# વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલની મુશ્કેલીમાં થશે વધારોઃ કેસની ટ્રાયલની કાર્યવાહી ૨૧ નવે. થી શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર



વર્ષ ૨૦૧૫ ના પાટીદાર અનામત આંદોલન સંબંધીત નિકોલ પોલીસ મથકે નોંધાયેલા કેસમાં અમદાવાદ જિલ્લાના વિરમ ગામના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અને આંદોલનના નેતા હાર્દિક ભરતભાઈ પટેલ સહિત અન્યો વિરૂધ્ધ અમદાવાદ ગ્રામ્ય મેજીસ્ટ્રેટ કોર્ટે તહોમતનામુ ફરમાવ્યુ હતુ, કોર્ટના આ નિર્ણય બાદ હવે હાર્દિક પટેલ સામે કેસની ટ્રાયલની કાર્યવાહી ૨૧ મી નવેમ્બર થી શરૂ થશે. જેમાં સાક્ષીઓની જુબાની લેવામાં આવશે. આ કેસમાં હાર્દિક પટેલ અને અન્ય આરોપીઓ સામે ગેરકાયદેસર મંડળી રચવા, રાયોટીંગ (તોફાન) સરકારી કર્મચારી પર હુમલો, કાયદેસરના હુકમનો ભંગ, ધમકી આપવા અને અન્ય વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં અગાઉ હાર્દિક પટેલ અમુક મુદત સુધી કોર્ટમાં હાજર ન રહેતા તેમની સામે ધરપકડ વોરન્ટ પણ જાહેર કરવામાં આવ્યુ હતું. જો કે પાછળથી આ વોરન્ટ ગુજરાત હાઈકોર્ટમાંથી રદ કરાવવામાં આવ્યુ હતું. ત્યારબાદ હાર્દિક પટેલ ગઈ કાલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં હાજર રહેતા વિશેષ સરકારી વકીલ તારાબા ચુડાસમાની હાજરીમાં તહોમતનામુ ઘડવામાં આવ્યુ હતું. વર્ષ ૨૦૧૫ માં પાટીદાર અનામત આંદોલન ચાલી રહ્યુ હતું. તે દરમિયાન હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓએ પાટીદારોને અનામત અને ખેડુતોના દેવા માફીની માંગણી સાથે નિકોલ વિસ્તારમાં પ્રતિક ઉપવાસનુ આયોજન કર્યુ હતું. હાર્દિક પટેલ અને અન્ય લોકોએ વગર પરવાનગીએ પૂર્વ આયોજીત કાવતરૂ રચીને, રેલી કાઢીને નિકોલના મ્યુનિસીપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતિક ઉપવાસ કરવાનુ નકકી કર્યુ હતું. જયારે રેલીને રોકવામાં આવી ત્યારે આરોપીઓ ઉશ્કેરાયા હતા, તેઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી અને ધમકીઓ આપી હતી. સાથે જ શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હતો.

# ગુજરાત સહિત ૬ રાજયોના બાર કાઉન્સિલની ચુંટણી ૧૫ માર્ચ સુધીમાં પુર્ણ કરવા સુપ્રિમનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર



દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રિમ કોર્ટે લાંબા સમયથી પડતર રાજય બાર કાઉન્સિલની ચુંટણીઓ માટે એક કડક અને દેશ વ્યાપી સમય પત્રક નકકી કર્યુ છે, કોર્ટે આદેશ આપ્યો છે કે ૧૭ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં બાર કાઉન્સિલની ચુંટણીઓ જાન્યુઆરી ૩૧ -૨૦૨૬ થી એપ્રિલ ૩૦ ૨૦૨૬ ની વચ્ચે પાંચ તબકકામાં ફરજીયાતપણે પુર્ણ થવી જોઈએ.

જસ્ટીસ સુર્યકાંત, જસ્ટીસ ઉજજલ ભુયાન અને જસ્ટીસ એન કોતીસ્વર સિંહની બેન્ચે આ દિશા નિર્દેશો જારી કર્યા છે. કોર્ટે સ્પષ્ટ કહ્યુ છે કે આ સમગ્ર પક્રિયા નિવૃત્ત જજો ની આગેવાની હેઠળની ઉચ્ચ સત્તા ચુંટણી મોનીટરીંગ સમિતિઓની સીધી દેખરેખ હેઠળ થશે અને સમય મર્યાદામાં કોઈપણ પ્રકારનુ વધારાનુ વિસ્તરણ આપવામાં આવશે નહી. સુપ્રિમ કોર્ટના નિર્દેશ મુજબ ગુજરાત રાજય બાર કાઉન્સિલને ત્રીજા તબકકામાં સામેલ કરવામાં આવ્યુ છે. આ તબકકા હેઠળ ગુજરાત, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, કર્ણાટક, પંજાબ અને હરીયાણામાં ચુંટણીઓ માર્ચ ૧૫ ૨૦૨૬ સુધીમાં પુર્ણ કરવાની રહેશે. કોર્ટે એ પણ નોંધ્યુ છે કે હજારો વકીલોની કાયદાની ડીગ્રીનુ વેરીફીકેશન હજુ પણ પેન્ડીંગ છે. આથી વેરીફીકેશન પ્રક્રીયા પુરી ન થઈ હોય તેવા વકીલોને પણ શરતી ધોરણે મતદાન કરવાની મંજુરી આપવામાં આવી છે. જો કે તેમની ડીગ્રી પાછળથી નકલી કે અમાન્ય જણાશે તો તેમની સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ આદેશ દ્વારા દેશભરમાં કાનુની વ્યવસાયની સંચાલક સંસ્થાઓમાં લોકશાહી પ્રક્રિયા સમયસર અને પારદર્શક રીતે થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યુ છે.

# મણીનગર રેલવે ક્રોસિંગ પર પડતું મુકી પેટ્રોલપંપ કર્મચારીએ આત્મહત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના મણીનગર રેલવે ક્રોસિંગ નજીક એક પેટ્રોલપંપ કર્મચારીએ આત્મહત્યા કરી છે.

મળતી માહિતી અનુસાર, કર્મચારી પર પેટ્રોલપંપના સાહેબ અને અન્ય વ્યક્તિ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદના મણીનગર રેલવે ક્રોસિંગ નજીક એક પેટ્રોલપંપ કર્મચારીએ આત્મહત્યા કરી છે. મળતી માહિતી અનુસાર, કર્મચારી પર પેટ્રોલપંપના સાહેબ અને અન્ય વ્યક્તિ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. આ બંને શખ્સોએ રુપિયા માટે ટોર્ચર કર્યું હોવાનો આરોપ લગાવાયો છે.

આત્મહત્યા બાદ મળેલા સ્યુસાઈડ નોટમાં રસ્મિતસિંગ ગુરુદત્ત અને હાર્દિક પટેલનાં નામનો ઉલ્લેખ કરેલો છે. નોટમાં કીરીટ પંચાલે બે લોકોના ત્રાસ અને રુપિયા માટે ટોર્ચર કરતા હોવાનો પણ આક્ષેપ કર્યો છે. આ બનાવને લઈને ખોખરા પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ CCTV ફૂટેજ, સાક્ષીઓ અને અન્ય પુરાવાઓનો વિશ્લેષણ કરી રહી છે.